રાજકોટ પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે પમો વાર્ષિક રમતોત્સવ પ્રારંભ

શહેરના તમામ પોલીસ મથકના ખેલાડીઓની અલગ અલગ ૨૦ જેટલી ગેમ્સમાં ટક્કર

રાજકોટ,

રાજકોટ શહેર પોલીસનો પાંચમો વાર્ષિક રમતોત્સવને પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. બંદોબસ્ત અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવા સતત વ્યસ્ત રહેતી પોલીસમાં શારિરીક-માનસિક ફિટનેસ જળવાઈ રહે સાથે શિસ્તતા જળવાઈ તેમજ ટિમ સ્પિરિટ સાથે એક જુથ થઈ કામ કરવા ભાવના કેળવાઈ અને પારિવારિક ભાવના જળવાઈ રહે તે માટે આ બધી પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. પોલીસ સ્ટાફે પણ સાથે મળી રમતોત્સવને હારજીતની ચિંતા કર્યા રમતોત્સવમાં ભાગ લઈ આનંદ માણ્યો હતો. રમતોત્સવમાં ૨૦ જેટલી ગેઈમ્સનો સમાવેશ કરવામ આવ્યો છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા અને જોઈન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર પોલીસ પરીવારમાં સદભાવના કેળવાય તેમજ માનસિક અને શારીરીક ફિટનેસ જળવાઈ રહે તેમજ પોલીસ અધિકારી-કર્મચારીઓ સ્ટેટ અને નેશનલ લેવલે પોલીસનુ નામ રોશન કરે, રમત ગમતને પ્રોત્સાહન મળે તે હેતુથી ૫ દિવસ માટે શહેર પોલીસ દ્વારા ચોથાપાંચમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ વાર્ષિક રમતોત્સવ ટ્રેક એન્ડ ફીલ્ડમાં ૦૯ ઈવેન્ટ, ટીમ ગેમમાં ૦૬ ઈવેન્ટ અને ઈન્ડોર ગેમ્સમાં ૦૪ ઈવેન્ટનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં અલગ અલગ ટીમો બનાવવામાં આવેલ છે. ડીસીપી ક્રાઇમ, ડીસીપી ઝોન-૧, ડીસીપી ઝોન-૨ અને ડીસીપી પીએચકયુના મહિલા અને પુરુષ જવાનો મળી આશરે ૪૫૦ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહેલ છે.

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ જણાવ્યું હતું કે, હાલમાં કોઈ બંદોબસ્ત ન હોવાથી આ ૫ દિવસ માટે ખાસ આયોજન કરવામાં આવેલ છે કારણ કે પોલીસને સ્ટ્રેસ રહેતો હોય છે અને તેમાંથી બહાર રહી પરેડની સાથે સાથે શારિરીક ફિટનેસ જળવાઈ રહે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે શિસ્તતા જળવાઈ તેમજ ટિમ સ્પિરિટ સાથે એકજુથ થઈ કામ કરવા ભાવના કેળવાઈ અને પરિવ ભાવના જળવાઈ રહે તે માટે આ બધી પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. તેમને વધુમાં જણાવ્યું હતું કે શહેર પોલીસના ખેલાડીઓ ડીજીપી કપ તેમજ રાષ્ટ્ર કક્ષાએ સારુ પરફોમન્સ આપી વિજેતા થઈ ટ્રોફી તેમજ મેડલો મેળવેલ છે.

તાજેતરમાં રાજકોટ ખાતે રાષ્ટ્રીય કક્ષાની હોકી ટુર્નામેન્ટ પણ યોજાઈ હતી જેમાં રાજકોટ શહેર પોલીસની પુરુષ અને મહિલા ટિમે સારું પ્રદર્શન કર્યું હતું. પાંચમાં વાર્ષિક રમતોત્સવમાં રસ્સા ખેંચ સાથે ટેબલ ટેનીશ,ફુટબોલ,બાસ્કેટબોલ સહીતની અલગ અલગ ૨૦ જેટલી ગેઈમ્સમાં ડીસીપી ઝોન-૧,ડીસીપી ઝોન-૨ તેમજ ડીસીપી પીએચકયુની પુરુષ અને મહિલા વિભાગમાં અલગ અલગ ગેઈમ્સ રમાડવામાં આવી હતી.

રાજકોટના વોર્ડ નં.૧૭માં ટૂંક સમયમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખુલ્લુ મુકાશે

મ્યુનિસિપલ કમિશનરે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અને નિર્માણાધીન ફાયર સ્ટેશનની સ્થળ વિઝીટ કરી

રાજકોટ,

ગુજરાત સરકારના શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫૨૬ અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી અને સુસંગત વિકાસને ધ્યાનમાં રાખી રમતગમત, જાહેર સુરક્ષા તથા આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે મહત્વપૂર્ણ વિકાસાત્મક યોજનાઓ અમલમાં મુકાઈ રહી છે. આ વિકાસકાર્યોના ભાગરૂપે તા.૨૭-૦૧-૨૦૨૬ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા વોર્ડ નં.૧૭ ખાતે નિર્માણ પામી રહેલ આત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તથા તેની બાજુમાં નિર્માણાધીન ફાયર સ્ટેશનની સ્થળ પર જઈ વિસ્તૃત સમીક્ષા વિઝીટ કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય કક્ષાનો સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અમદાવાદમાં ઓલમ્પિક્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં રમાતી રમતોને ધ્યાનમાં રાખીને રાજકોટમાં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું નિર્માણ નિર્માણ, સૌરાષ્ટ્રના ખેલાડીઓ માટે નવી તક મળે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સરકારના શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫૨૬ અન્વયે વોર્ડ નં.૧૭ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનો આત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ નિર્માણ પામી રહ્યો છે. ઓલમ્પિક્સ તથા કોમનવેલ્થ ગેમ્સમાં ભારત વધુ મેડલ્સ જીતે છે તેવી રમતોને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની ડિઝાઇન અને સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે.

રમતગમત ક્ષેત્રે જોડાયેલા ૨૧ અનુભવી ખેલાડીઓ તથા પ્રતિભાઓ સાથે વિસ્તૃત ચર્ચા બાદ આ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની આંતરરાષ્ટ્રીય કક્ષાની ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. ખાસ કરીને ઓલમ્પિક્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં ભારત વધુ મેડલ્સ જીતે છે તેવી રમતો માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

સમીક્ષા મુલાકાત દરમિયાન મ્યુનિસિપલ કમિશનર સાથે સંબંધિત વિભાગોના અધિકારીઓ, ઈજનેરો તેમજ પ્રોજેક્ટ અમલવારી કરતી એજન્સીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કમિશનરએ એજન્સીના પ્રતિનિધિ પાસેથી બાંધકામની હાલની સ્થિતિ, તબક્કાવાર કામગીરી, ટેકનિકલ પાસાં, બાંધકામ સામગ્રી, ગુણવત્તા નિયંત્રણ પ્રક્રિયા તથા આગામી કાર્યયોજનાની વિસ્તૃત માહિતી મેળવી હતી.

આ સાથે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની બાજુમાં નિર્માણ પામી રહેલ ફાયર સ્ટેશનની કામગીરીની પણ સ્થળ પર જઈ સમીક્ષા કરી હતી. ફાયર સ્ટેશનની ભાવિ માળખાકીય સુવિધાઓ, અગ્નિશામક સાધનસામગ્રી, વાહન વ્યવસ્થા અને ઈમરજન્સી પ્રતિસાદ ક્ષમતાને લગતા મુદ્દાઓ અંગે તેમણે વિગતવાર માહિતી મેળવી હતી.

રાજકોટના રામપર બેટી ગામે વીજ કરંટથી શ્રમિકનું મોત

રાજકોટ,

રાજકોટ શહેરના રામપર બેટી ગામ પાસે ડમ્પરમાં લાગેલ વિજ કરંટથી બાજુમાં ઉભેલ યુવાનનું કરૂણ મોત નીપજયું છે.આ બનાવ અંગેની જાણ થતાં એરપોર્ટ પોલીસ પણ દોડી આવી હતી

.પ્રાપ્ત વિગત મુજબ, કુવાડવા ગામમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના વતની અર્જુનભાઈ ભૂરાલાલભાઈ બાબેરીયા આજે વહેલી સવારના તે રામપર બેટી ગામ પાસેથી ડમ્પરમાં માટી ભરી રાજકોટ ખાલી કરવાં માટે આવતો હતો.ત્યારે રામપર બેટી નજીક જ ડમ્પરના ટાયરમાં પંચર પડ્યું હતું. જેથી તેને તેના શેઠને જાણ કરતાં અન્ય ડમ્પરમાં ટાયર આવ્યું હતું.જે ટાયર નીચે ઉતારવા ડમ્પરની ટ્રોલી ઊંચી કરતાં ટ્રોલી વિજ તારને અડી ગયું હતું. ત્યારે બાજુમાં ઉભેલ અર્જુનનો હાથ ડમ્પર ટ્રોલીને અડતાં તેમને પણ વિજ શોક લાગ્યો હતો.અચાનક જ જોરદાર લાગેલ વિજશોકથી યુવાન ત્યાં જ બેભાન થઈ ઢળી પડ્યો હતો. ઘટનાસ્થળે એકઠાં થયેલ લોકોએ તુરંત યુવાનને સારવારમાં કુવાડવા હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નિપજયું હતું. બનાવની જાણ થતા એરપોર્ટ પોલીસ મથકના એએસઆઈ પરેશભાઈ સાંગાણી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડ્યો હતો.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, મૃતક ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. યુવાનના મોતથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા શ્રમિક પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. પ્રજાસત્તાક પર્વ અવસરે ધ્વજ વંદન અને ભારત માતા પૂજન યોજાયું

રાજકોટ ખાતે હેડ ઓફિસમાં અતિથિ વિશેષ તરીકે ડો. શ્રી સંજીવભાઈ ઓઝા (વિભાગ સંચાલકજી રાજકોટ-રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) અને શ્રી રમેશભાઈ ખીચડીઆ (એમ.ડી. કેપ્ટન પોલીપ્લાસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા

રાજકોટ,

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ને ૭૭માં પ્રજાસત્તાક પર્વ અવસરે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની

રાજકોટ અને બહારગામની તમામ શાખાઓમાં ધ્વજ વંદન અને ભારત માતા પૂજન યોજાયું હતું. રાજકોટ ખાતે

હેડ ઓફિસે યોજાયેલ ધ્વજ વંદનમાં અતિથિ વિશેષ તરીકે ડો. સંજીવભાઈ ઓઝા (વિભાગ સંચાલકજી રાજકોટ-

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) અને શ્રી રમેશભાઈ ખીચડીઆ (એમ.ડી. કેપ્ટન પોલીપ્લાસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા. બેંક

પરિવારમાંથી શ્રી દિનેશભાઈ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઈ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી શ્રી માધવભાઈ દવે, શ્રી અશોકભાઈ ગાંધી, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી હસમુખભાઈ ચાંદરાણા, શ્રી વિક્રમસિંહ પરમાર, શ્રી ભૌમિકભાઈ શાહ, શ્રી એન. જે. મેઘાણી, શ્રી કીર્તિદાબેન જાદવ, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી વિનોદ શર્મા (સીઈઓ-જનરલ મેનેજર), બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યો શ્રી દીપકભાઈ મકવાણા, શ્રી વિજયભાઈ કોઠારી, શ્રી વિનોદભાઈ લાઠીયા, શાખા વિકાસ સમિતિના સદસ્યો, ડેલિગેટ, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય પર્વને મનથી વધાવતા કર્મચારીઓ શ્રી નિકુંજભાઈ નિમવત, શ્રી મોનાબેન ભાલોડિયા, શ્રી મેઘાબેન રેવર અને શ્રી હિરવાબેન પટોળિયાએ મનમોહક રંગોળી બનાવી હતી. આ અવસરે મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આભારદર્શન શ્રી ભૌમિકભાઈ શાહે તેમજ સરળ-સફળ સંચાલન શ્રી યોગેશભાઈ દવેએ કર્યું હતું.

રાજ્ય કક્ષા મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયા અને શ્રી રીવાબા જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં

મોરબીના સરવડ અને જામનગરના જોડિયા ખાતે સાયકલ રેલી યોજાશે

મોરબી

રાજયકક્ષા મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયા અને શ્રી રીવાબા જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં તથા રાજકોટ એવિયેશન સિક્યુરિટી ગ્રુપના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી અમનદીપ સિરસવાના માર્ગદર્શન હેઠળ મોરબીના સરવડ ખાતે તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ અને જામનગરના જોડિયા ખાતે તા.૩૧/૦૧/૨૦૨૬ના રોજ સાયકલ રેલીનું આયોજન થશે.આ સાયકલ રેલીનું આયોજન મોરબીના સરવડ સ્થિત પટેલ સમાજ વાડી સાંજે ૦૬.૦૦ કલાકે તથા જામનગરના જોડિયા સ્થિત પટેલ સમાજ વાડી ખાતે બપોરે ૧૨ કરવામાં આવશે. જેમાં સી.આઈ.એસ.એફ.ના સાયકલ વીરોનું સન્માન, સી.આઈ.એસ.એફ.ની ક્વિક રિસ્પોન્સ ટીમ દ્વારા ડેમો, યોગ પ્રદર્શન, સાંસ્કૃતિક કૃતિઓ સહિત સાયકલ વીરોને ફ્લેગ ઓફની કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સાયકલ વીરોનો ઉત્સાહ વધારવા ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી અમનદીપ સિરસવાએ નાગરિકોને અનુરોધ કર્યો છે.

રાજકોટના સદ્‌ગુરૂ આશ્રમમાં ૧૦૮ કરોડ ભગવાન શ્રીરામના મંત્રજાપનું આયોજન

રાજકોટ,

પૂ.રણછોડદાસજીબાપુ આશ્રમ(શ્રી સદ્‌ગુરુ સદન ટ્રસ્ટ),રાજકોટ દ્વારા 'રણછોડદાસજીબાપુ આશ્રમ (શ્રી સદ્‌ગુરુ સદન ટ્રસ્ટ) તથા રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,રાજકોટની માનવ સેવા સમગ્ર દેશમાં પ્રસરેલી છે,જે સેવા થકી હજારો લાખોને નિઃશુલ્ક સેવા થકી નવી જીંદગી મળે છે,એ સમગ્ર ભારત દેશના લોકોની સારી સેવા થાય તથા લોકોની સુખાકારી, કલ્યાણ માટે ૧૦૮ કરોડ(એક સો આઠ કરોડ) " રામ રામ રામરામરામરામ" મહામંત્ર જપયજ્ઞનું પતિત પાવન ભગવાન જન્મજયંતિ તા.૨૪/૦૧/૨૯૨૬, શનિવાર થી શરૂ જે તા.૧૧/૦૫/૨૯૨૭, મંગળવાર, આશ્રમનાં સ્થાપના દિવસ સુધી મહાઆયોજન કરવામાં આવેલ છે.



સદ્‌ગુરુ ભગવાન રણછોડદાસજીબાપુએ સમગ્ર માનવ જાતની નિઃશુલ્ક સેવા થાય કલ્યાણ થાય અને કોઈપણ માણસ પૈસાના અભાવે સેવાથી વંચિતના રહી તથા સમગ્ર માનવ જાતને આશ્રમમાં આવે એટલે નવી ઉર્જા તથા આશાનું કિરણ મળે એ માટે પ.પૂ.રણછોડદાસજીબાપુ આશ્રમ તથા રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,રાજકોટની સ્થાપના કરવામાં તેમના સ્વહસ્તે કરવામાં આવી હતી.માનવ સેવાનાં ધર્મપ્રણેતા પ.પૂ.સદ્‌ગુરુદેવ ભગવાન રણછોડદાસજીબાપુની આ માનવ સેવા સમગ્ર ભારત દેશનાં લોકો સુધી પહોંચે અને સારી સેવા થાય તથા સમગ્ર દેશનાં લોકોની સુખાકારી અને કલ્યાણની ભાવના સાથે ૧૦૮ કરોડ રામ રામ રામરામરામરામ" મંત્રજાપનું આયોજન કરવામાં આવેલ છે.

તો ચાલો આપણે સૌએ સમગ્ર ભારત દેશના લોકોની સારી સેવા થાય તથા લોકોની સુખાકારી,કલ્યાણ માટે ૧૦૮ કરોડ (એક સો આઠ કરોડ) " રામ રામ રામરામરામરામ" નાં મહામંત્રનો જાપ કરેલા ભાવિકોએ વોટ્સએપ નંબર મો. (૯૫૮૬૩ ૦૮૧૭૮) ઉપર મેસેજ કરી નોંધાવી દેવા ટ્રસ્ટી પ્રવિણભાઈ વસાણીએ જણાવેલ છે.

રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનની આગામી કેન્દ્રીય બજેટમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માંગ

રાજકોટ,

રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનએ એન્જિનિયરિંગ ક્ષેત્રના ૧,૦૦૦થી વધુ ઔદ્યોગિક એકમો તથા ૫૦૦થી વધુ સહયોગી સભ્યોનું પ્રતિનિધિત્વ કરતી અગ્રણી સંસ્થા છે. આગામી કેન્દ્રીય બજેટને ધ્યાનમાં રાખીને એસોસિએશન દ્વારા નાણાં મંત્રી નિર્મલા સીતારમણને ઉદ્યોગ જગતની વિવિધ માંગણીઓનો સમાવેશ કરવા માટે વિસ્તૃત રજૂઆત કરવામાં આવી છે. સંસ્થાએ જણાવ્યું છે કે જો બજેટમાં આ સૂચનો અમલમાં મૂકવામાં આવે તો એમએસએમઈ તથા ઉદ્યોગ ક્ષેત્રને નવી ગતિ મળશે.

આવકવેરા અંગે એસોસિએશને જણાવ્યું છે કે હાલની જોગવાઈ મુજબ રૂ?૨ લાખ સુધીની આવકને કરમુક્ત રાખવાનો નિર્ણય પ્રશંસનીય છે. આ ઉપરાંત રૂ? ૧૨ લાખથી રૂ?૧૫ લાખ સુધીની આવક પર ૫ ટકા અને રૂ?૧૫ લાખથી રૂ?૧૮ લાખ સુધીની આવક પર ૧૦ ટકા આવકવેરા સ્લેબ રાખવા માટે માંગ કરવામાં આવી છે. આ પ્રકારની સરળ અને પ્રોત્સાહક ટેક્સ રચનાથી મધ્યવર્ગ તેમજ ઉદ્યોગકારોને રાહત મળશે અને ખર્ચ તથા રોકાણમાં વધારો થશે. ડિવિડન્ડ પર લાગતા ડબલ ટેક્સેશનને નાબૂદ કરવાની ભારપૂર્વક ભલામણ કરી છે. હાલમાં કંપનીઓ દ્વારા વહેંચવામાં આવતા ડિવિડન્ડ પર ફરીથી કર વસૂલવામાં આવે છે, જેના કારણે કંપનીઓ પર વધારાનો આર્થિક બોજ આવે છે. ડિવિડન્ડ ટેક્સ દૂર કરવામાં આવે તો રોકાણકારોનો વિશ્વાસ વધશે તેમજ કોર્પોરેટ ક્ષેત્રમાં મૂડીરોકાણને પ્રોત્સાહન મળશે.કૃષિ ક્ષેત્રને લગતી માંગણીઓમાં સબમર્સિબલ પંપ પર લાગતો જીએસટી દર ઘટાડવાની રજૂઆત કરવામાં આવી છે. સબમર્સિબલ પંપનો વ્યાપક ઉપયોગ ખેતીમાં થાય છે અને ખેડૂતોને રાહત આપવા માટે આ પંપ પરનો જીએસટી ૧૮ ટકા પરથી ઘટાડીને ૫ ટકા કરવા માંગ કરવામાં આવી છે. નોંધનીય છે કે વડાપ્રધાન દ્વારા પણ તેમના ભાષણમાં સબમર્સિબલ પંપ પરનો કર ૦ થી ૫ ટકા કરવાની વાત કરવામાં આવી હતી, જેને અમલમાં મૂકવાની માંગ ઉઠાવવામાં આવી છે.

રાજકોટના માદક પદાર્થ ગાંજાના ગુનામાં નાસતો ફરતો આરોપી પકડાયો

રાજકોટ,

શહેરના તાલુકા પોલીસ સ્ટે.માં નોંધાયેલ એન.ડી.પી.એસ. ના કેસમાં નાસતા ફરતા વધુ એક શખ્સને નાર્કોટીકસ સેલની ટીમે ભીસ્તીવાડ વિસ્તારમાંથી પકડી લીધો હતો. મળતી વિગત મુજબ શહેરના અલગ-અલગ વિસ્તારમાં નશીલા પદાર્થનું વેચાણ અને તેનું સેવન કરનાર શખ્સોને પકડી પાડવા માટે પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, એડીશનલ પોલીસ કમિશ્નાર મહેન્દ્ર બાગડીયા તથા ક્રાઈમ બ્રાંચના ડીસીપી જગદીશ બાંગરવાની સૂચનાથી એસઓજીના પી.આઈ.,એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ તેની નાર્કોટીકસ સેલના પી.એસ.આઈ., વી.વી.ધ્રાંગુ સ્ટાફ સાથે પેટ્રોલીગમાં હતા ત્યારે તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા ગાંજાના જથ્થાના કેસમાં ફરાર આરોપી રાજકોટમાં આવ્યો હોવાની એ.એસ.આઈ. ફીરોઝભાઈ રાઠોડ, કોન્સ. હાર્દિકસિંહ પરમારને બાતમી મળતા આરોપી અસલમ ભીખુભાઈ સમા (ઉ.વ. ૩૨) (રહે. નાનામવા, આર.એમ.સી. આવાસ યોજનાના કવાર્ટર, બ્લોક નં. ૧૦, કવાર્ટર નં. ૬૨૩) ને ભગવતીપરા વિસ્તારમાંથી પકડી લીધો હતો. આ ગુનામાં અગાઉ શાહરૂખ નામના શખ્સને પકડી લીધો હતો. આ કામગીરી પી.એસ.આઈ., વી.વી. ધ્રાંગુ, એ.એસ.આઈ. ઈન્દ્રસિંહ જાડેજા, ફિરોજભાઈ રાઠોડ, હેડ કોન્સ. મૌલિકભાઈ સાવલીયા, દિગ્વિજયસિંહ ગોહિલ, કોન્સ. હાર્દિકસિંહ પરમાર, યોગેન્દ્રસિંહ ઝાલાએ કરી હતી

રાજકોટના ડબલ મર્ડર કેસમાં યુવાનને સમાધાન કરી લેવાનું કહી આરોપીએ ધમકી આપી

રાજકોટ,

રાજકોટના કાંગસીયાળી રોડ પર રસુલપરા પાછળ બજરંગ સોસાયટી મેઈન રોડ પર રહેતાં અને ઢોલેરા ચોકડી પાસે મોમાઈ કાર નામે ગાડીનું સર્વિસ સ્ટેશન ચલાવતા લક્ષ્મણભાઈ જેસિંગભાઈ શિયાળીયા (ઉ.વ.૨૭)ને તેના પિતા અને કાકાના મર્ડરમાં સંડોવાયેલા અને હાલ જામીન ઉપર રહેલાં કૌટુંબિક સગા ભરત મેલાભાઈ શિયાળીયા (રહે. ગોપાલ નગર, માલધારી ફાટક પાસે)એ તુ સમાધાન નથી કરતો આથી તને પતાવી દેવો છે.બે મર્ડર કરેલ છે ત્રીજુ કરતા વાર નહીં લાગે કહીં ધમકી આપ્યાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

લક્ષ્મણભાઈએ પોલીસને જણાવ્યું કે, તેના પિતા જેસિંગભાઈનું ૨૦૧૮માં મૃત્યુ થયું છે. ૨૦૧૮માં તેના પિતા, મોટાબાપુનો પુત્ર મીઠાભાઈ ઢોલરા ચોકડીએ લીલાનો થડો રાખી ભાગીદારીમાં ધંધો કરતા હતા. તેના ધંધાની નજીકમાં તેના કૌટુંબીક ભાઈ મેલા વરજાંગભાઈ શિયાળીયા, તેના ભાઈ નવઘણે પણ નજીકમાં લીલુ વેચવાનો થડો ચાલુ કર્યો હતો. જયાં મેલાનાં બંને પુત્ર વિશાલ ઉર્ફે લાલો અને ભરત બેસતા હતા.ધંધાની હરિફાઈના કારણે તેઓ અવારનવાર તેમની પાસેથી નીકળતા ત્યારે સામુ જોયા કરતા હતા અને જેમતેમ બોલતા જતા હતા. ગઈ તા.૮-૪-૨૦૧૮નાં તે, તેના પિતા જેસિંગભાઈ, કાકા વેજાભાઈ અને મોટાબાપુનો દિકરો મીઠાભાઈ લીલુ ઉતારતા હતા ત્યારે ધસી આવેલા મેલા,નવઘણ અને મેલાનાં બંને પુત્રો વિશાલ અને ભરત ઝઘડો કરી હથિયારોથી હુમલો કરતાં તેના પિતા અને કાકાને ગંભીર ઈજા થતાં બંનેના મૃત્યુ નિપજ્યાં હતા. આ કેસમાં ચારેય જેલમાં હતા. આરોપી ભરતની ઉમર નાની હોવાથી થોડા સમય પછી તેને જામીન મળી ગયા હતા.વિશાલને ૨૦૧૯માં જામીન મળ્યા હતા. ૨૦૨૨માં નવઘણ પેરોલ પર છુટ્યા બાદ ફરાર થઈ ગયો હતો. જયારે ૨૦૨૪માં મેલને જામીન મળ્યા હતા.હાલ આ કેસ કોર્ટમાં ચાલુ છે. અને તે તેની મુદ્દતે જાય છે. તેનો ખાર રાખી અવારનવાર સમાધાન માટે ધમકાવાતો હતો. ગઈ તા. ૧નાં તે તેના સર્વિસ સ્ટેશન પાસે હતા ત્યારે આરોપી ભરત બાઈક લઈને ધસી આવ્યો હતો. અને તેને તને બહું પાણી ચડી ગયું છે તુ સમાધાન નથી કરતો આથી તને પતાવી દેવો છે બે મર્ડર કરેલાં છે તારુ ત્રીજુ કરતા વાર નહીં લાગે કહીં ધમકી આપી ત્યાંથી જતો રહ્યો હતો.